
## વડીલોને વંદન

### આજે જન્મદિવસ



મનસુખલાલ વી. એરણપુરીયા (૧૯૨૨) ફોન. ૨૩૨-૨૭૭૫૨

# લોક સેવા ટ્રસ્ટ દ્વારા આઈએએસ પરીક્ષાનો તાલીમ વર્ગ શરૂ થયો

ગાંધીનગર, તા. ૨

લોક સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી આઈ.એ.એસ. તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં સ્નાતક અનુસ્નાતક અને અંડર ગેજ્યુએશનમાં અભ્યાસ કરતા યુવાવર્ગને નિઃશુલ્ક પ્રવેશ એન તાલીમ આપવામાં આવે છે.

લોકસેવા આઈ.એ. એસ. ટ્રેનિગ સેન્ટરના સંયોજક નિમિતા નાકરાણીએ જણાવ્યું હતું કે લોકસેવા દ્વારા સમગ્ર ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાગૃતિ માટે અભિયાન ચલાવે છે. તેના ભાગરૂપે તાલીમ કેન્દ્ર અને લાઈબ્રેરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તાલીમ કેન્દ્રનો મુખ્ય ઉદેશ્ય માત્રને માત્ર યુવાવર્ગનાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગે જાગૃતિ લાવવાનો છે. દર વર્ષે જુલાઈથી ૧૫મી એપ્રિલ-૧૫ સુધી માત્ર રવિવારે સવારે આ તાલીમ વર્ગમાં માર્ગદર્શન આપવામાં આવે છે. લોક સેવા ટ્રસ્ટનો (૦૭૯ - ૨૬૪૩૦૪૧૩), ૦૭૯-૨૬૪૩૦૬૨૨ નો સંપર્ક કરવા જણાવેલ છે.

# નવા મહેસુલ સચિવ તરીકે ડી. જે. પાંડિયન નિમાયા

ગાંધીનગર, તા. ૨

રાજ્યના મહેસુલ સચિવ તરીકેનો વધારાનો હવાલો ઊર્જા વિભાગના અગ્રસચિવશ્રી ડી. જે. પાંડિયનને સોંપવામાં આવ્યો છે.

રાજ્યના મહેસુલ સચિવશ્રી સી.એલ. મીના નિવૃત્ત થતાં આ જગ્યા ખાલી પડી છે. શ્રી મીના ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ પણ હતા. હવે પછી ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવની નિમણુંકના હુકમો જારી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

૩૧મી મે ના રોજ શ્રી સી.એલ. મીના રાજ્યના મહેસુલ સચિવ તરીકે નિવૃત્ત થયા છે. તેમના મહેસુલ સચિવના કાર્યકાળ દરમ્યાન સરકારે ઈ.ધરા મેન્યુઅલ તેમજ કલેક્ટર મેન્યુઅલ, પ્રાંત મેન્યુઅલ જેવા મહત્વના દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આજે તેમને એક સાદગીભર્યા છતાં દબદબાપૂર્ણ સમારોહમાં ભવ્ય વિદાય આપવામાં આવી હતી.

# હવે મારૂતિ સુઝુકીની પસંદગી પણ ગુજરાત




ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં વિશ્વવિખ્યાત મોટરકાર ઉત્પાદક મારૂતિ સુઝૂકી ઇન્ડીયા કુ. લી. (પ્લ્ન) કંપનીના મોટર-વાહન ઓટોમોબાઇલ મેન્યુફેકચરીંગ પ્લાન્ટની ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં સ્થાપના માટેના રાજ્ય સરકાર સહયોગ કરાર (લ્લ્ખ) ઉપર આજે મારૂતિ સુઝૂકી ઇન્ડીયા લી. અને ગુજરાત સરકાર વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ કરાર ઉપર મારૂતિ સુઝૂકી ઇન્ડીયા લી. (પ્લ્ન) ના ઘ્ખ અને મેનેજિંગ ડિરેકટર શ્રીયુત શિન્ઝો નાકાનીશી અને રાજ્યના ઉદ્યોગ અગ્રસચિવશ્રી મહેશ્વર શાહુએ હસ્તાક્ષર કર્યા તે પ્રસંગે ઘોગ રાજ્યમંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, મુખ્ય સચિવશ્રી એ. કે. જોતિ, મારૂતિ સુઝૂકી ઇન્ડીયાના ચીફ ઓપરેટીંગ ઓફિસરશ્રી એન. એમ. સિંગ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ મારૂતિ સુઝૂકીએ આ ઓટોમોબાઇલ મેન્યુફેકચરીંગ પ્લાન્ટ માટે ગુજરાતની પસંદગી કરતાં ગુજરાત હવે વિશ્વની અગ્રગણ્ય ઓટોમોબાઇલ મોટર ઉત્પાદક કંપનીઓનું ઓટો હબ બની રહ્યું છે તેમ ગૌરવપૂર્વક જણાવ્યું હતું અને મારૂતિ સુઝૂકીને આ પ્રોજેકટની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મારૂતિ સુઝૂકી ઇન્ડીયા લી. ના આ પ્રોજેકટમાં બંને તબક્કામાં મળીને રૂ. ૪૦૦૦ કરોડનું મૂડીરોકાણ થશે. પ્રથમ એકમ માંડલ-બેચરાજી નજીક સ્થપાશે જ્યારે બીજું એકમ બેચરાજીથી ૨૫ કી.મી.ના પરિસરમાં ભું થશે. પ્રથમ એકમમાં વાર્ષિક ૭.૫ લાખ વાહનોના ઉત્પાદનની ક્ષમતા છે જ્યારે ગુજરાત અને હરિયાણાના બંને એકમોમાં મળીને વાહન ઉત્પાદન વાર્ષિક ક્ષમતા ૨૦ લાખ વાહનોની થઇ જશે. ગુજરાત એકમ ૪૦૦૦ યુવાનોને સીધી રોજગારી આપશે.

મારૂતિ સુઝૂકી ઇન્ડીયા લિમીટેડ અને ગુજરાત સરકાર સંયુકત રીતે ઓટોમોબાઇલ રિસર્ચ ઇન્સ્ટીટયુટની ઉત્કૃષ્ટ સંશોધન સંસ્થાની સ્થાપના કરશે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં તાતા નેનો, ફોર્ડ કંપની, પિજીઓટ કંપની અને હવે મારૂતિ સુઝૂકીના ગુજરાતમાં આગમનને આવકારતાં જણાવ્યું હતું કે, ઓટોમોબાઇલ ક્ષેત્રે આ વિસ્તારમાં ઓટો એન્સીલયરી યુનિટસ અને સપ્લાયર પાર્ક પણ સ્થપાશે. મારૂતિકાર ભારતમાં સામાન્ય માનવી માટેની પરિવહન જરૂરિયાતો પૂરી પાડે છે અને ગુજરાતના બંદરો નિકાસની ઉત્તમ સુવિધા ધરાવતા હોઇ વિશ્વના બજારોમાં પણ ગુજરાત ઓટોમોબાઇલ ક્ષેત્રે નિકાસલક્ષી રાજ્ય બની રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે છેલ્લા એક જ વર્ષમાં ગુજરાત વિશ્વની અગ્રણી ઓટો મેન્યુફેકચરીંગ કંપનીઓને આકર્ષવામાં સફળ રહ્યું છે. જળ અને સ્થળ બંને ક્ષેત્રોમાં ગુજરાત પરિવહન ક્ષેત્રે અગ્રગણ્ય બનવા જઇ રહ્યું છે. બોમ્બાડીઅરનો મેટ્રોરેઇલ પ્રોજેકટ, રેલ્વે-કેરિયર ગુડઝ પ્રોજેકટ અને ઓટોમોબાઇલ-પ્રોજેકટ પછી ગુજરાત શિપ-બિલ્ડીંગ ઇન્ડસ્ટ્રીઝનો વિકાસ કરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે ગુજરાત ઇજનેરી ક્ષેત્રમાં રોજગારી માટે અગ્રેસર બની રહ્યું છે અને દેશના રાષ્ટ્રીય એન્જીનીયરીંગ આઉટપૂટની સરેરાશમાં ૯ ટકા ફાળો આપે છે. જ્યારે રાજ્યના કૂલ ઔદ્યોગિક ઉત્પાદનના ૧૮ ટકા એન્જીનયરીંગ સેકટરના છે. ગુજરાતના જી.એસ.ડી.પી.માં મેન્યુફેકચરીંગ સેકટર એકલાનો ૨૭ ટકા ફાળો છે જે વિશ્વની મેન્યુફેકચરીંગ ક્ષેત્રના અર્થતંત્રની લગોલગ છે.

## આજે ગ્રાહક હિત સુરક્ષા દ્વારા મહિલા શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ, ગાંધીનગરના પ્રમુખ ચતુરજી ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલે તા. ૩જી જૂન-૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦થી ૧૧ કલાક દરમિયાન વિશ્રામ ગૃહ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા દ્વારા મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના તમામ નાગરિકોને પોતાના પ્રશ્નો લેખિતમાં લઈ મહિલા શિબિરમાં ઉપસ્થિત રહેવા સમિતિ દ્વારા જણાવાયું છે. ગ્રાહકોના પ્રશ્નોનો નિકાલ ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા લાવવામાં આવશે.

## જૈન સોશ્યલ ગૃપનો ૩૧મા વર્ષમાં મંગળ પ્રવેશ

ગાંધીનગર, તા. ૨

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર તેની સ્થાપનાના ૩૦ વર્ષ આગામી ૯મી જૂનના રોજ પુરી કરી. ૩૧માં વર્ષમાં પ્રવેશ કરશે. તેની ઉજવણીના ભાગ રૂપે તા. ૩ જી જૂન રોજ સેક્ટર-૨૨ જૈન દેરાસર પાસે સવારે આવતા ગરીબ પરિવારોને ઠંડી છાસનું વિતરણ કરવામાં આવશે. તા. ૧૦મી જૂનના રોજ ગરીબોને રસ-પુરીનું ભોજન કરાવવામાં આવશે.

ગૃહ તરફથી ત્રિ-દશાબ્દી ઉજવણી નિમિત્તે. તા. ૯ મી જૂનની સાંજે ગૃપના સભ્યોને આમંત્રિતો માટે બંકીમ પાઠક મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે.

# સામાયિકોની ભૂમિકા અંગે ૨૪મીએ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સેવા ક્ષેત્રે અને વૈચારિક અભિયાનનાં કાર્યો દ્વારા ગુજરાતભરમાં જાણીતી સંસ્થાઓ સદ્‌વિચાર પરિવાર અને લોકસેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં પ્રથમ વખત ૨૦૦ જેટલા ગુજરાતી સામયિકોને સાંકળીને 'સાંપ્રત સમયમાં જનજાગૃતિ ક્ષેત્રે સામયિકોની ભૂમિકા' વિષય ઉપર ૨૪મી જૂને સેમિનારનું આયોજન કરેલ છે. એક સાથે એક મંચ ઉપર મોટા ગજાના જુદા જુદા વિષયના લોકભોગ્ય સામયિકોના તંત્રી અને સંપાદકોને આ સેમિનારમાં આમંત્રણ પાઠવવામાં આવેલ છે. સંસ્થાના સંયોજક શ્રી ભીમજીભાઈ નાકરાણી અને શ્રી પી. કે. લહેરીએ જણાવ્યું હતું કે, દૈનિક પત્રો દ્વારા સમાચાર તો આપણે લઈએ છીએ. પરંતુ સામયિકો દ્વારા વિવિધ વિષયોનો લેખો કારણે જનજાગૃતિ આવે છે. સામાયિકો લોકો વાંચે છે. તેમ વિસ્તાર વધતો જાય છે. ગુજરાતી સામયિકના તંત્રી, સંપાદકો કે પત્રકારોને મળવાનું થતું નથી. સામયિકો તે વિચારયાત્રાને મજબૂત માધ્યમ હોય તો સામયિકના સુધારાને સમજણ વધે. રજીસ્ટ્રેશન માટે ફોન નં. ૦૭૯ - ૨૭૯૧૦૧૩૧ ઉપર સવારના ૮ થી ૧૨ સુધી કરી શકાશે.

# માનસિક વિશિષ્ટ બાળકો માટે ક્રેકિટ કોચીંગ કૅમ્પનું આયોજન

## ચાર રાજ્યોનાં ૨૫૦ વિશિષ્ટ બાળકો ઉપરાંત ૩૦ જેટલા કોચ પણ તાલીમ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨

ચાર રાજ્યોનાં ૨૫૦ જેટલા માનસિક વિશિષ્ટ બાળકો માટે ક્રિકેટ કોચીંગ કૅમ્પનું આયોજન સાદરા ખાતે કરવામાં આવ્યું છે.

ગઈકાલથી આરંભ પામેલ આ કૅમ્પમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના માનસિક વિશિષ્ટ બાળકો ભાગ લઈ રહ્યા છે. સ્પેશિયલ ઑલિમ્પિક્સ, સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે આ કોચીંગ કૅમ્પનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવભાઈ દેસાઈ વ્યાયામ મહાવિદ્યાલય, સાદરા ખાતે કરવામાં આવ્યું છે.

કૅમ્પની વિશેષતા એ છે કે માનસિક વિશિષ્ટ બાળકો ઉપરાંત ૩૦ જેટલા કોચને પણ આ તાલીમ આપવામાં આવી રહી છે. બાળકોને રમતની તાલીમ સવાર-સાંજ આપવામાં આવી રહી છે અને તેમના કોચને પણ આ સમય દરમ્યાન રમત ઉપરાંત દિવસના સમયે વિવિધ સૉફ્ટ સ્કીલ્સની તાલીમ આપવામાં આવી રહી છે.

## દત્ત મંદિરનો ૨૮મો પાટોત્સવ

ગાંધીનગર, તા. ૨

દત્તમંદિર ગાંધીનગરના ૨૮મો પાટોત્સવ તા. ૩ જૂન રવિવારે વિવિધ કાર્યક્રમો દ્વારા યોજાશે. નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી ધીરુભાઈ જોશી આશિર્વાદ આપશે.

તા. ૩ જૂનના રોજ સવારે ૭.૩૦ કલાકે શ્રી ગુરૂલીલામૃત સ્વાહાકાર પ્રારંભ આચાર્ય કિરીયભાઈ પાઠક કરાવશે. તા. ૯ જૂનના રોજ સાંજે ૫.૩૦ કલાકે શ્રી ગુરૂલીલામૃત સ્વાહાકાર યોજાશે. તા. ૧૦ જૂનના રોજ સવારે ૮.૦૦ કલાકે હાથીજણ-ચિસકારી પરિવાર પાલખી સાથે ધજા લાવશે. આચાર્યશ્રી સર્વદમનભાઈ દેસાઈ સવારે ૮.૦૦ વાગ્યા થી શ્રી દત્ત બાવની સ્વાહાયકાર કરાવશે. સાંજે ૫.૦૦ કલાકે રંગ અવધૂતપારિતોષિક વિતરણ થશે.

## તુળજા ભવાની શક્તિપીઠમાં પૂનમ મહાઆરતી

ગાંધીનગર, તા. ૨

દહેગામ તાલુકાના પાટકુવા ગામમાં આવેલ ૪૦૦ વર્ષે પ્રાચીન સ્વયંભૂ તુળજા ભવાની શક્તિપીઠ હજારો ભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર છે.

તા. ૪ થી જૂનને સોમવારે પુનમે પરંપરા મુજબ સવારે ૬.૩૦ કલાકે આરતી થશે. બપોરે ૧૦થી ૧૨ હવન યોજાશે. સાંજે ૬.૩૦ કલાકે મહા આરતી ઉત્સવ યોજાશે.

# પી કે ચૌધરી મહિલા આર્ટસ કૉલેજમાં બી.એ. હોમ સાયન્સ

## કોલેજમાં પ્રવેશ માટેની લાયકાત ધોરણ ૧૨ હોવી જરૂરી

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ ગાંધીનગરમાં ૧૯૯૪થી બી.એ. હોમ સાયન્સનો ડિગ્રી અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

કોલેજનું મકાન આધુનિક સુવિધાઓથી સજ્જ વિશાળ કેમ્પસ, ઈકો ફ્રેન્ડલી વાતાવરણ તેમજ એસ.ટી. ડેપોની નજીક છે. હોમ સાયન્સના વિષયોના પ્રાયોગિક માર્ગદર્શન માટે અધ્યન આધુનિક સુવિધાઓથી સજ્જ ફુડ એન્ડ ન્યુટ્રીશન હોમ મેનેજમેન્ટ ક્લોથિંગ એન્ડ ટેક્ષટાઈલની પ્રયોગ શાળાની સુવિધા છે. બી.એ. હોમ સાયન્સ સાથે ઉર્તીણ થયેલ બહેનો કોલેજમાં પ્રાધ્યાપક અને શાળામાં ધો. ૮-૯-૧૦માં સમાજવિદ્યા અને ગુજરાતી વિષય સાથે બી.એડ્. કરી શિક્ષિકા બની શકે છે. આ સિવાય મુખ્યસેવિકા, ગ્રામસેવિકા, હેલ્થવર્કર, ડાયટીશ્યન, આંગણવાડી કાર્યકર, ફેશન ડિઝાઈનર, તલાટીમાં તેમજ ચાલુ વર્ષે કોલેજમાં પ્રવેશ માટેની લાયકાત ધોરણ ૧૨ હોવી જરૂરી છે.

કેમ્પસમાં હોસ્ટેલની સુવિધા છે. આ માટે કોલેજમાં સંપર્ક કરવો. સવારે ૯થી ૧૨.અને મો.નં. ૮૭૪૪૦ ૭૦૧૭, ૨૩૨૩ ૨૦૯૭મો સંપર્ક કરવો.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ૪થીએ વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સભ્યોની એક વાર્ષિક સામાન્ય સભા તા. ૪થી જૂન-૨૦૧૨ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્રભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે.

સાંપ્રત સમયમાં ગાંધીનગરની જનતાને પીડતા અને સતત સતાવીને જીવવાનું હરામ કરી દેતા પ્રશ્નો અન્વયે ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસ્થાના વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષના ઓડીટેડ હિસાબો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે તો આ બેઠકમાં ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સર્વે સભ્યોને અચૂક ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી મુળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## વીજદર વધારો

● **અનુસંધાન ત્રીજાનું ચાલુ**

ઘટાડો થવાની અપેક્ષાને કારણે ગ્રાહકોના વીજ બીલમાં ઘટાડો થશે. એવી જ રીતે પ્રાઈવેટ વીજ કંપની ટોરેન્ટ પાવરમાં જુલાઈ-૨૦૧૨થી ૨૦ પૈસાનો ઘટાડો થવાની સંભાવના છે.

ટોરેન્ટ પાવર કે જે અમદાવાદ, સુરત અને ગાંધીનગરને વીજળી પુરી પાડે છે તેમાં આયોગને મળેલી દરખાસ્તને અંતે સુરત વીજ વિતરણ વિસ્તાર માટે ૬ ટકા અને અમદાવાદ-ગાંધીનગર વીજ વિતરણ વિસ્તાર માટે ૧૦ ટકા ડિસ્ટ્રીબ્યુશન લોસ મંજૂર કરવામાં આવ્યો છે. જો કે ટોરેન્ટ પાવરે ૨૦૧૦-૧૧માં સુરતમાં ૪.૬૪ અને અમદાવાદમાં ૮.૧૮નો ડીસ્ટ્રીબ્યુશન લોસ હાંસલ કર્યો છે.

અમદાવાદ-ગાંધીનગરમાં બહુવર્ષિય ટેરીફ ઓર્ડરમાં દર્શાવેલા ૫૭૩૧ મીલીયન યુનિટના અંદાજ સામે ૫૪૪૪ મીલીયન યુનિટનું વેચાણ કર્યું છે.

**ટોરેન્ટ પાવરના ત્રણેય વિસ્તારોમાં એકંદર ઘટ ૧૧૬ કરોડની થવા જાય છે જો કે આયોગે ફ્યુઅલ અને પાવર પરચેજ સરચાર્જમાં યુનિટદીઠ ૧૦ પૈસાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ વધારાના કારણે ટોરેન્ટને ૮૯ કરોડની વધારાની આવક મળશે, જે મુજબ વીજદરનો વધારો ૧.૯૦ ટકા થાય છે.**

આયોગે દર વધારવાનું કારણ આપતાં જણાવ્યું હતું કે વર્ષ-૨૦૧૦-૧૧ના ઓડીટેડ એકાઉન્ટના આધારે કુલ મહેસૂલી જરૂરીયાત સુધારવામાં આવી છે તેને આવક સામે સરખાવતા ચારેય સરકારી વીજ કંપનીઓની ઘટ ૨૪૦ કરોડ થાય છે. વધુમાં વર્ષ-૨૦૧૨-૧૩ માટેની ચારેય કંપનીઓની સંયુક્ત ઘટ ૧૨૬૦ કરોડ અંદાજવામાં આવી છે. આમ ૨૦૧૦-૧૧ સાથે ગણીએ તો કુલ ઘટ ૧૫૦૦ કરોડ થાય છે.

**સરકારી વીજ કંપનીઓમાં પ્રતિ યુનિટ ૧૦ પૈસા વધારવાથી કંપનીઓને ૩૨૯ કરોડની આવક થશે. નવા દર મુજબ વીજદરનો વધારો ૧.૫૩ ટકા થાય છે.**

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
રજી. નં.ભ-૨૦૨૫, તા. ૨૮-૧૦-૧૯૭૫
ટેલીફોન : ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

### ચૂંટણી અંગેની જાહેરાત

મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ખાલી પડેલી જગ્યાની વિગત

| | |
|---|---|
| (૧) સેક્ટર-૩/૬ | (૨) સેક્ટર-૧૨/૧૨ (મહિલા અનામત) |
| (૩) સેક્ટર-૧૬/૨૩ | (૪) સેક્ટર-૨૦/૩૦ |
| (૫) સેક્ટર-૨૪ | (૬) સેક્ટર-૨૮/૨૯ |

**ઉમેદવારીપત્રો તા. ૭/૬/૨૦૧૨ અને તા. ૮/૬/૨૦૧૨ના રોજ સ્વિકારવામાં આવશે. મતદાન તા. ૧૭/૬/૨૦૧૨ને રવિવારે**

**નોંધ :** ઉમેદવારીપત્રો મંડળીની ઓફીસેથી ઓફીસ સમય દરમિયાન જનરલ મેનેજર તથા ચૂંટણી અધિકારી પાસેથી તારીખ : ૭/૬/૨૦૧૨ના રોજથી તારીખ : ૮/૬/૨૦૧૨ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા ભરેલા ઉમેદવારીપત્રો સ્વિકારવામાં આવશે.

તા.ક. : ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ મંડળીની ઓફીસે મુકવામાં આવેલ છે.

**ઓફીસ સમય**
સવારે ૯-૦૦ થી ૧૨-૩૦
સાંજે ૨-૦૦ થી ૬-૦૦

સહી/-
(બી.આર. શર્મા)
**ચૂંટણી અધિકારી**

## ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજ

ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજનું સંમેલન આજરોજ તા. ૩-૬-૨૦૧૨ને રવિવારે બપોરે ૩-૦૦ વાગે ટાઉનહોલ બગીચામાં સમાજની સમસ્યાઓની ચર્ચા-વિચારણા માટે મળશે તો સર્વે ઠાકોર ભાઈ-બહેનો, રાજકીય આગેવાનો, સામાજીક સંગઠનો ચાલાવતા ઠાકોર ભાઈ-બહેનો તથા સરકારી કર્મચારીઓને હાજર રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

| કાળુસિંહ મગનસિંહ ડાભી | સોમાજી તેજાજી ઠાકોર |
|---|---|
| પ્રમુખ | મંત્રી |
| ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજ | ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજ |

**ફર્નિચર ભાડે મળશે**
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ**
દેશ કી શાન **કામધેનુ** TMT સ્ટીલ FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ એન્જિનિયરની પસંદગી
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
**કૈલાસ ટ્રેડર્સ** Steel Tiger (લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦
ગોડાઉન **સ્ટીલ સ્ટેશન** ખ-૨ ચોકડી સેક્ટર-૪સી કોર્નર